ગાંધીનગર સમાચાર

**શહેરમાં શરદી-ખાંસીના દર્દીઓ વધ્યા**

# ચ-૦ની નર્સરી નયનરમ્ય બનશે તળાવ અને બગીચા સાથે વોક વે

**નર્સરીનો ગેટ પણ પુનિતવન જેવો બનાવાશે : નર્સરીને વાઈબ્રન્ટ લુક આપવાનુ કામ શરૂ**



ગાંધીનગર તા ૮

શહેરના પ્રવેશદ્વાર સમા ચ-૦ પાસે સ્થિત નર્સરીને વાઈબ્રન્ટ લુક આપવામાં આવશે. નર્સરીમાં નાનુ તળાવ ,લેન્ડ સ્કેપીંગ તેમજ બગીચો અને વોક વે નુ નિર્માણ કરવામાં આવશે. હાલ આ કાર્યયોજનાને અનુલક્ષી કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જયારે મહીનાના અંત સુધીમાં કામ પુર્ણ કરી દેવાશે. નર્સરીને નયનરમ્ય બનાવવા માટે માર્ગ મકાન વિભાગ દ્વારા રૂ ૧૦ લાખનો ખર્ચ કરવામાં આવશે. જયારે અન્ય કામગીરી બાગાયત વિભાગ સંભાળશે.

આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરને પણ વાઈબ્રન્ટ લુક આપવાની ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. અલબત્ત શહેરના માર્ગોની સુધારણા તેમજ બ્યુટીફિકેશનનુ કામ શરૂ કરી દેવાયુ છે. શહેરમાં નજર નાંખો ત્યાં સફાઈ કામગીરી તેમજ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ચૂંટણીનો માહોલ જામ્યો

**ઉમેદવારોનો રાફડો ફાટ્યો : આજે વધુ ૮૬૯ ઉમેદવારોએ ઉમેદવારી પંચાયત જંગ માટે નોંધાવી**

**અત્યાર સુધીમાં ૧૩૫૨ ફોર્મ ભરાયા : ૪૧૦ સરપંચ પદ માટે તો ૯૪૨ વોર્ડના સભ્યપદ માટે ભરાયા**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પંચાયતોની ચૂંટણીને પગલે રાજકીય ગરમાવાનો માહોલ ધીમે ધીમે તેની ચરમસીમા તરફ સરકી રહ્યો છે. ઉમેદવારી પત્ર ભરવાના આજે ચોથા દિવસે ૮૬૯ ઉમેદવારોએ આ જંગમાં ઝંપલાવવા માટે ઉમેદવારી પત્રો ભર્યા છે.

આજે ૮૬૯ વધુ ઉમેદવારી પત્રો ભરાતા જિલ્લામાં આ જંગ માટે અત્યાર સુધીમાં ૧૩૫૨ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. જેમાં સરપંચ પદ માટે ૪૧૦ અને વોર્ડના સભ્ય પદ માટે ૯૪૨ ઉમેદવારોએ ઝંપલાવ્યું છે.

જિલ્લાની ૧૯૪ ગ્રામ પંચાયતોના જંગ માટે આજે સરપંચ પદ માટે ૨૨૮ ઉમેદવારોએ અને વોર્ડના સભ્યપદ માટે ૬૪૧ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. જિલ્લામાં તાલુકા મથકો પર ઉમેદવારો અને ઉમેદવારોના સમર્થકો મોટી સંખ્યામાં આવી રહ્યા છે અને માહોલ તદન ઉત્તેજનાસભર બની જવા પામ્યો છે.

આજે પણ સૌથી વધુ ઉમેદવારીપત્રો ગાંધીનગર તાલુકામાં ભરાયા છે. ગાંધીનગરમાં આજે ૧૧૦ ઉમેદવારીપત્રો સરપંચપદ માટે અને ૩૭૧ ઉમેદવારીપત્ર સભ્યપદ માટે મળી કુલ ૪૮૧ ઉમેદવારીપત્રો ભરાયા છે.

દહેગામમાં સરપંચ પદ માટે ૮૮ અને સભ્યપદ માટે ૧૭૮ ઉમેદવારી પત્રો સાથે કુલ ૨૬૬ ઉમેદવારી પત્રો ભરાયા છે.

કલોલમાં ૧૪ સરપંચ માટે અને વોર્ડના સભ્યપદ માટે ૪૬ મળી ૬૦ ઉમેદવારી પત્રો ભરાયા છે. જ્યારે માણસામાં ૧૬ સરપંચ પદ માટે અને ૪૬ સભ્યપદ સાથે કુલ ૬૨ ઉમેદવારી પત્રો ભરાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ચૂંટણીનો માહોલ જામતાં જ બજારોમાં પણ ઘરાકી થતી જોવા મળી રહી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં રાત્રિ બેઠકો તેમજ નાસ્તાની જયાફતો જામી રહી છે.

ઉમેદવારીપત્ર ભરવાની આડે હવે બે દિવસ જ બાકી હોવાથી વધુ ધસારો ચૂંટણી અધિકારીઓ પાસે રહેશે તે હાલનો માહોલ જોતાં લાગી રહ્યું છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આ વખતે સમરસ ગ્રામ પંચાયતો થવાની શક્યતા ઘટી જવા પામી છે. આ ચૂંટણીમાં યુવા અને મહિલા ઉમેદવારો વધુ જોવા મળી રહી છે તે નોંધનીય છે.

## ગાંધીનગર-દહેગામમાં સૌથી વધુ ઉમેદવારો જંગમાં

જિલ્લામાં પંચાયતોની ચૂંટણીમાં સૌથી વધુ ઉમેદવારી પત્રો ગાંધીનગર-દહેગામ તાલુકામાં ભરાયા છે.

ગાંધીનગર તાલુકામાં ૭૧ ગ્રામ પંચાયતો અને દહેગામ તાલુકામાં ૮૪ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાઈ રહી છે તેથી આ બે તાલુકામાં ચૂંટણીનો રાજકીય ગરમાવો વધુ જોવા મળી રહ્યો છે.



# શહેરમાં શરદી-ખાંસીના દર્દીઓ વધ્યા

**એલર્જીક અસ્થમાના દર્દીઓ પણ અન્ય શહેરોની તુલનામાં ગાંધીનગરમાં વધુ છે !**

**શાળા-આરોગ્ય ચકાસણીમાં પણ શરદી-ખાંસીના બાળ દર્દીઓની સંખ્યા ૫૦૦થી વધુ**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરમાં ઠંડીનું પ્રમાણ સતત વધ-ઘટ રહેતુ હોવાથી શહેરમાં ખાંસી શરદી અને કફના દર્દીઓની ઓ.પી.ડી.માં ભારે વધારો થવા પામ્યો છે.

ગાંધીનગર શહેરમાં ખાંસી-શરદીના દર્દીઓની સંખ્યા વધવા પામી છે તેમજ સિવિલની ઓ.પી.ડી.માં પણ આ દર્દીઓની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે.

શહેરમાં દિવસ દરમ્યાન ગરમી અને રાત્રિના ઠંડીનું વાતાવરણ પ્રવર્તતુ રહે છે. આમ બેવડી ઋતુને કારણે શરદી-ખાંસી અને કફના દર્દીઓની સંખ્યા વધી રહી હોવાનું તબીબો માની રહ્યા છે.

શહેરમાં ચાલી રહેલ શાળા-આરોગ્ય ચકાસણીમાં પણ શરદી-ખાંસીના બાળ દર્દીઓની સંખ્યા ૫૦૦ને પાર કરી ગઈ છે તેમજ આ એક પ્રકારનો વાઈરલ હોવાથી શહેરના વિવિધ વિસ્તારોમાં પણ એક હજારથી વધુ લોકો શરદી-ખાંસીના શિકાર બન્યા છે. ગાંધીનગર શહેરમાં એલર્જીક અસ્થમાના દર્દીઓ પણ વધી રહ્યાની ચોંકાવનારી હકીકત તબીબી વર્તુળોમાંથી સાંભળવા મળી છે. અહિ ડસ્ટનું પ્રમાણ તેમજ ધુમ્મસ વધારે હોવાથી તેમજ ઠંડી અને હરિયાળીને કારણે એલર્જીક અસ્થમાના દર્દીઓની સંખ્યા અન્ય શહેરોની વસ્તીના પ્રમાણમાં ગાંધીનગરમાં વધુ જોવા મળી રહ્યા હોવાનું આ વર્તુળોએ જણાવ્યું છે.

# ઘ-૪ સર્કલ પાસે સ્થિત આઈલેન ફરતે લોખંડની ગ્રીલ લગાવાશે

**રોપાઓને નુકશાન ન થાય તે માટે રૂ ૧૨ લાખના ખર્ચે ગ્રીલ ફીટ કરાશે**

ગાંધીનગર તા ૮

શહેરના હાર્દસમા ઘ-૪ વિસ્તારમાં થોડા સમય અગાઉ જ સર્કલ આસપાસ આઈલેનનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. જયારે આ આઈલેનમાં હાલ પ્લાન્ટેશન કરી દેવાયુ છે. વાઈબ્રન્ટ સમિટ પુર્વે આ જગ્યાએ રંગબેરંગી ફુલો નિખરશે. પ્લાન્ટેશનને રખડતા ઢોર નુકશાન ન પહોંચાડે તે માટે ફરતે લોખંડની ગ્રીલ લગાવી દેવાશે.

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્વર્ણિમ પાર્ક અસ્તિત્વમાં આવ્યા બાદ ઘ-૪ વિસ્તારમાં ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. થોડા સમય અગાઉ આ વિસ્તારમાં વાહનચાલકો માટે ભુલભુલૈયા જેવા દ્રશ્યો સર્જાતા હતા. જયારે વાહનચાલકો રોંગ સાઈડમાં

● અનુસંધાન પાન-૭ પર


**॥ બેસણું ॥**



**સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈના** જીવનસંગિની શાંતાબેન તા.૪.૧૨.૨૦૧૬ ના રોજ સ્વધામ સિધાવ્યા છે. વતન ખેરાલુમાં લૌકિક સંસ્કાર અને ગાંધીનગર માં બેસણું રાખેલ છે.

વતન :- ખેરાલુ
બાલાજી હોમ્સ
બંગલા નં. ૩૬
માઁ દુર્ગા હોટલની પાછળ
અંબાજી હાઈવે, ખેરાલુ

બેસણું / વિદાયપર્વ
તા.૧૧.૧૨.૨૦૧૬ સવારે ૯:૦૦થી ૧૨:૦૦
સ્થળ :- બ્રહ્માકુમારીઝ ભવન, સેક્ટર :૨૮ ગાંધીનગર
સંપર્ક :- દીપકભાઈ ચૌધરી (૯૪૨૬૦ ૫૬૮૧૫)

**બેસણું**



અમારા પૂ. પિતાશ્રી **પટેલ સોમાભાઈ કચરદાસ (ગામ-રિદ્રોલ)** હાલ ગાંધીનગર, સેક્ટર-૨૮, તા. ૭/૧૨/૨૦૧૬ને બુધવારના રોજ પ્રભુશરણ થયેલ છે. **સદ્‌ગતનું બેસણું આજ તા. ૯/૧૨/૨૦૧૬ના રોજ સવારે ૮.૩૦ થી ૧૧.૩૦** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ :**
**વડિયા પ્રજાપતિ સમાજની વાડી**
**વસંત કુંવરબા સ્કૂલની સામે,**
**સેક્ટર-૨૮, ગાંધીનગર**
**મો. ૯૯૭૪૨ ૯૬૭૦૭**

**પટેલ અતુલભાઈ સોમાભાઈ (પુત્ર)**
**પટેલ જીવણભાઈ કચરદાસ (ભાઈ)**
**પટેલ બાબુભાઈ કચરદાસ (ભાઈ)**

**બેસણું / લૌકિક ક્રિયા**



**સ્વ. કેવળભાઈ વાલજીભાઈ પરમાર**
**- નિવૃત્ત તલાટી**
**(ઈટાદરાવાળા)**

અમારા પરિવારના વડીલશ્રી **પરમાર કેવળભાઈ વાલજીભાઈ**નું તા. ૮/૧૨/૨૦૧૬, ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્‌ગતની લૌકિક ક્રિયા તા. ૯/૧૨, ૧૦/૧૨ અને ૧૨/૧૨ના રોજ તથા બેસણું તા. ૧૧/૧૨/૧૬, રવિવારે સવારે ૯.૦૦ કલાકથી બપોરે ૧૩.૦૦** કલાક સુધી નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : ૧૮, જ્યોતિપાર્ક સોસાયટી, કલોલ રેલ્વે પૂર્વ, મુ. પો. તા. કલોલ**

**સુર્યપાલ જીતેશકુમાર કેવળદાસ (જે.કે.) (પુત્ર)**
**મહામંત્રી, ગુ.પ્ર. કોંગ્રેસ સમિતિ, (અ.જા.)**
**મો. નં. ૯૮૯૮૫૦૨૦૪૩**
**પરમાર છગનલાલ જેઠાલાલભાઈ (સી.જે.) (ભાઈ)**
**(મહામંત્રી, ગાંધીનગર શહેર-જીલ્લા કોંગ્રેસ)**
**મો. નં. ૯૯૯૮૭૨૭૯૩૩**
**પરમાર રમણલાલ ડી. (ભત્રીજા) (યુજીવીસીએલ, કડી)**
**પરમાર અમૃતલાલ મગનલાલ**
**ડો. કમલેશકુમાર પી. ઈટાદરીયા**



પ્રોજેક્ટ વર્ક સ્પેશ્યાલિસ્ટ Since 1987-88 ગવર્મેન્ટ એપ્રુવ્ડ રેટ્સ
Interior Decoration Products
**કોમર્સીયલ ટ્રેડર્સ**
9879748303 • 9426355487
● રોલર બ્લાઈન્ડ ● રોમન બ્લાઈન્ડ ● વર્ટીકલ બ્લાઈન્ડ ● ઝીબ્રા બ્લાઈન્ડ ● વોલ પેપર્સ
WWF વોલ કવરીંગ્સ વિન્ડો કવરીંગ્સ ફ્લોર કવરીંગ્સ
● ડિઝાઈન ફિલ્મ ● વુડન ફ્લોરીંગ ● મોસક્યુટો નેટ્સ ● પીવીસી ફ્લોરીંગ ● ક્લોથ કર્ટેન
Remote Controlled Blinds & Curtains are also available.
Our Recent Sites & Projects
Mega Metro New Office, Human Rights Commission, Police Academy Karai, Industries Commissioner, Sports University, All new RTO offices, Gujarat Sales Tax Offices, Consumer Court, Chief Town Planning Office, Gujarat Electricity Board, GIIC / Krishi Bhavan



**શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ**
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.


# શહેરમાં ફુટપાથના ગાબડા પુરાશે

**ગાબડા પૂરવા ૨૫ લાખનો ખર્ચ થશે : વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી ફુટપાથનુ કામ શરૂ : રંગરોગાન ઉપરાંત સમારકામ પણ હાથ ધરાયુ**

ગાંધીનગર તા ૮

ગાંધીનગરના મોટાભાગના માર્ગો આસપાસ વોક વે નુ નિર્માણ કરવામાં આવ્યુ છે. અગાઉ પાટનગર યોજના વિભાગ દ્વારા ફુટપાથની બાકી કામગીરી અંગે સર્વે પણ હાથ ધરવામાં આવ્યો હતો. જયારે હાલ શહેરના ૯૫ કી મી રોડનેટવર્ક આસપાસ વોક વે હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. પરંતુ જાળવણીના અભાવે ફુટપાથ પર ગાબડા જોવા મળી રહયા છે. ત્યારે વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ ફુટપાથની આભા નિખારવા માટે રૂ ૨૫ લાખનો ખર્ચ કરવામાં આવશે. હાલ શહેરમાં ફુટપાથનુ સમારકામ શરૂ કરી દેવાયુ છે.

શહેરમાં એક દાયકા પુર્વે ફુટપાથ નિર્માણની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જયારે પ્રથમ તબક્કામાં ઘ-૫ થી સરકીટ હાઉસ તરફ જવાના માર્ગ પર ફુટપાથનુ કામ પુર્ણ કરવામાં આવ્યુ હતુ. જયારે ત્યારબાદ શહેરના અન્ય મુખ્ય માર્ગો તેમજ સેકટરોના એપ્રોચ માર્ગને જોડતા માર્ગો પર ફુટપાથની આભા ઉભી કરવામાં આવી હતી. ત્યારબાદ ફુટપાથની કામગીરીને

● અનુસંધાન પાન-૭ પર


**ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ**
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in



www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ®**
AN ISO 9001:2008 Certified Company
**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૯
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



**ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ**
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com